
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | |
|---|---|---|
| ૧. | ઋષભ પંચાશિકા ... ( ભગવાનદાસ મ. મહેતા ) ... ... | ૧૨૩ |
| ૨. | સમ્યગ્ જ્ઞાનની કુંચી. ( અનુવાદ )... ... ... ... | ૧૨૭ |
| ૩. | કોનો વાંક ? ... ... ... ... ... ... | ૧૨૯ |
| ૪. | આત્માની શોધમાં. ( લે. ચોકસી ) ... ... ... .. | ૧૩૨ |
| ૫. | વૈરાગ્ય પ્રાપ્તિના સાધનો. ...( અનુ૦ અભ્યાસી ) ... ... | ૧૩૬ |
| ૬. | સુભાષિત સંગ્રહ. ( સ. ક. વિ. ) ... ... ... ... | ૧૪૦ |
| ૭ | સત્સંગના લાભો ... ( રાજપાળ મ. વ્હોરા ) ... ... | ૧૪૫ |
| ૮. | સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... | ૧૪૬ |
| ૯. | વર્તમાન સમાચાર ... ... ... ... ... | ૧૪૭ |


## ભેટના ગ્રંથો.

ગયા માસમાં જણાવ્યા પ્રમાણેના નીચે લખેલા સાત ગ્રંથો આ માસની વદી ૫ થી અમારા માનવંતા લાઇફ મેમ્બરોને પોસ્ટ પુરતા પૈસાનું વી૦ પી૦ કરી ભેટ મોકલવાનું કાર્ય શરૂ થઈ ગયેલ છે. જેથી સ્વીકારી લેવા સૂચના છે.

### ગ્રંથોના નામો.

૧ શ્રી તીર્થંકર ચરિત્ર.
૨ શ્રી વીશસ્થાનક પદ પૂજા ( વિધિ–વિધાન અર્થમંડળ, યંત્ર વગેરે સહિત. )
૩ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી જીવનચરિત્ર(આકર્ષક અને ચમત્કારિક બોધક પ્રસંગો સહિત)
૪ શ્રી સ્તોત્ર સંદોહ ( ૧૯ સ્તોત્રોનો સંગ્રહ. પ્રાતઃકાળમાં નિત્ય સ્મરણ કરવા લાયક.
૫ પંચપરમેષ્ઠિ, શ્રી પંચતીર્થ, તથા બ્રહ્મચર્ય ચારિત્ર) પદ પૂજા
( વિવિધ રાગરાગિણી સહિત તત્ત્વજ્ઞાનથી ભરપૂર ).
૬ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ ચરિત્ર.
૭ શ્રી શત્રુંજય તીર્થનો વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહનું ચરિત્ર (વાંચવા યોગ્ય).

## શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

**શ્રી અમરચંદ્રસૂરિકૃત મૂળ ગ્રંથનું શુદ્ધ અને સરલ ભાષાંતર તૈયાર છે.**

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, સરલ સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नुवति ।
दुःखनिमित्तमपीदं येन सुलब्धं भवति जन्मः ॥ १ ॥

" સમ્યગ્દર્શનથી વિશુદ્ધ થયેલા જ્ઞાન અને ચારિત્રને જે પ્રાપ્ત કરે છે તે મનુષ્યનો જન્મ દુઃખનિમિત્ત હોવા છતાં સાર્થક-મુક્તિ-ગમન યોગ્ય-થાય છે. "

તત્ત્વાર્થભાષ્ય-શ્રીમદ્ ઉમાસ્વાતિ-વાચક.

पुस्तक ३४ } वीर सं. २४६३. पोष. आत्म सं. ४१. { अंक ६ ठ्ठो.

મહાકવિશ્રી ધનપાલ પ્રણિત—

## ઋષભ પંચાશિકા.

### સમશ્લોકી ભાષાંતર ( સભાવાર્થ )

( ગતાંક પૃષ્ટ ૧૧૨ થી શરૂ )

### રાજ્ય અને પ્રજાનું પરિપાલન : ગાથા ૯—૧૦.

આર્યા—

**ઇંદ્રથી રાજ્યાભિષેક, થતાં સવિસ્મય દીઠો તને જેણે;**
**સ્નાત્રજલ કમલપત્રે, ચિર ધરતાં ધન્ય ગણું તેને. ૯.**

ઇંદ્રદ્વારા ત્હારો રાજ્યાભિષેક થતી વેળાએ, કમલપત્રમાં બહુ વખત સુધી સ્નાત્રજલ ધરી રાખતા એવા જે જનોએ તને આશ્ચર્યપૂર્વક નિહાળ્યો હતો, તે ધન્ય છે !

ઇંદ્ર મહારાજે જ્યારે ભગવાનનો રાજ્યાભિષેક કર્યો તે વેળાનું ચિત્ર અત્રે કવિએ ખડું કર્યું છે; અને તેનું આબેહુબ વર્ણન કર્યું હોઇ આ **સ્વભાવોક્તિ** છે. ઇંદ્ર જાણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યાભિષેક કરે છે. અને કમલપત્રમાં અભિષેકજલ ભક્તિપૂર્વક ધારણ કરતા લોકો પ્રભુને બહુ વેળા સુધી વિસ્મયપૂર્વક નિહાળી રહ્યા છે. આમ તાદૃશ્ય ચિતાર રજૂ કર્યો છે. તદુપરાંત અહીં **ઉદાત્ત અલંકાર** છે. ' महत्तां चोपलक्षणम् । ' તે અભિષેક વેળાયે જે જનો હાજર હતા તે પણ ધન્ય છે એમ કહી, પ્રભુનો મહિમાતિશય વ્યંજિત કર્યો ૯.

**વિદ્યા કલા બતાવી, લોકવ્યવહાર સકલ શિખડાવી;**
**સ્વામી થયો તું જેનો, પ્રજા તે કૃતાર્થ છે આવી. ૧૦.**

સકલ વિદ્યા અને કલા દર્શાવી, તથા સમસ્ત લોકવ્યવહાર પ્રકાશિત કરી તું જેનો સ્વામી થયો, એવી તે પ્રજા કૃતાર્થ થઇ ગઈ !

શ્રી ઋષભદેવજી લોકવ્યવહાર આદિના આદ્ય પ્રણેતા છે. યુગારંભે જ્યારે જનતા લોકવ્યવહારથી અનભિજ્ઞ હતી, ત્યારે તેને લોકવ્યવહારનું સમ્યક્ શિક્ષણ આપી અને સકલ વિદ્યાકલાનું પ્રતિપાદન કરી પ્રભુએ પરમ લોકકલ્યાણ કર્યું. આવા સમર્થ પુરુષના સ્વહસ્તે જે પ્રજા શિક્ષણ પામવા ભાગ્યશાળી બની હતી તે કૃતાર્થ છે-કૃતકૃત્ય છે ! ધન્ય છે !—**ઉદાત્ત અલંકાર.** સરખાવો:—

" **प्रजापतिर्यः प्रथमं जिजीविषुः, शशास कृष्यादिषु कर्मसु प्रजाः ।**
**प्रबुद्धतत्त्वो पुनरद्भुतोदयो, ममत्वतो निर्विविदे विदांवर ॥** "

—**શ્રી સંમતભદ્રસ્વામીકૃત બૃહત્સ્વયંભૂસ્તોત્ર**, ૧. શ્લો. ૨.

## દીક્ષા કલ્યાણકઃ ગાથા ૧૧–૧૨.

**પૃથ્વી વ્હેંચી દઈ સ્વજને, આપી નિરંતર વાર્ષિક દાન અહો !**
**તું જયમ કોણ બીજાએ, નિયમધુરા ધારી ધીર ! કહો. ૧૧.**

બંધુજનોમાં પૃથ્વી વ્હેંચી આપી, અને અવિચ્છિન્ન ધારાએ વર્ષીદાન દઈ, તેં જેમ વ્રતની ધુરા ધારણ કરી તેમ બીજા કોણે કર્યું છે ?

ભગવાને મુનિપણું ધારણ કરતાં પૂર્વે સાગરાન્ત પૃથ્વીનો તૃણવત્ ત્યાગ, કરી પુત્રાદિને વ્હેંચી આપી; તથા વર્ષ પર્યંત નિરંતર પરમ ઉદાર દાનની ધારા વર્ષાવી. આવો ઉત્કટ ત્યાગ કરનાર બીજો કોણ છે ? એમ કહી પ્રભુનું અધિકપણું સૂચવ્યું હોઇ આ **વ્યતિરેક અલંકાર** છે. સરખાવો:—

" **विहाय यः सागरवारिवाससं, वधूमिवेमां वसुधावधूं सतीम् ।**
**मुमुक्षुरिक्ष्वाकुकुलादिरात्मवान्, प्रभुः प्रवव्राज सहिष्णुरच्युतः ॥** "

—**શ્રી બૃહત્સ્વયંભૂસ્તોત્ર.**

**કાજળ શી કાળી જે, જટાથી તુજ સ્કંધ ધરે શોભાને;**
**તે આલિંગી ત્યજેલી, રાજ્યશ્રીની અશ્રુછટા જાણે ! ! ૧૨.**

કાજળ જેવી કાળી જે જટાવડે કરીને ત્હારો સ્કંધ શોભે છે, તે જટા જાણે કે આલિંગન કરીને વિસર્જન કરેલી રાજ્યલક્ષ્મીની અશ્રુધારા હોયની !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ જ્યારે ત્યાગ કરવાને પ્રવૃત્ત થયા-દીક્ષા લેવાને ચાલી નીકળ્યા ત્યારે તેમની વિખરાયેલી જટાથી-કેશકલાપથી તેમનો સ્કંધ શોભી રહ્યો હતો. તે માટે કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે-તે જાણે આલિંગન કરીને છોડી દીધેલી રાજ્યલક્ષ્મીની અશ્રુધારા હોયની ! અત્રે રાજ્યલક્ષ્મીને પત્નીરૂપે કલ્પ્યાનો ધ્વનિ છે તેથી ઋષભસ્વામીના ત્યાગથી તેને શોક થવો સ્વાભાવિક છે. ૧૨.

## પ્રભુની મુનિચર્યા; ગાથાઃ ૧૩-૧૫.

**દેશોમાંહી અનાર્યો, શમવ્યા તેં મૌન ભજતાં જ ખરે !**
**વણ બોલ્યે જ બીજાનું, કાર્ય સત્પુરૂષો સાધ્ય કરે. ૧૩.**

મૌન ભજતાં છતાં તેં દેશોમાં અનાર્યોને ઉપશમાવી દીધા ! ખરેખર! સત્પુરુષો પારકું કામ વગર કહ્યે જ કરી દેખાડે છે.

વ્રત ગ્રહણ કરી મૌનપણે ભગવાન્ જે જે દેશોમાં વિચરવા લાગ્યા ત્યાં ત્યાં પ્રભુના પ્રભાવાતિશયથી અનાર્યો આપોઆપ ઉપશાંત થઇ ગયા. આમ મૌન રહ્યા છતાં ભગવાને લોકોપકાર કર્યો. ખરેખર ! સત્પુરુષો પારકું કાર્ય બોલ્યા વિના જ કરી આપે છે. આ **અર્થાંતરન્યાસ અલંકાર** છેઃ સામાન્ય વાતનું વિશેષથી અથવા વિશેષ વાતનું સામાન્યથી સમર્થન કરવું તે **અર્થાંતરન્યાસ,** ૧૩.

**તું મુનિને પણ ભજતાં, નમિ વિનમિ થયા ખેચરેંદ્ર અહીં;**
**ગુરુઓની ચરણસેવા, કદી પણ નિષ્ફળ હોય નહિ. ૧૪.**

મુનિ એવા તને પણ ભજતાં નમિ-વિનમિ વિદ્યાધરોના અધિપતિ થઇ ગયા ! અહો ! ગુરુઓની ચરણસેવા કદી પણ નિષ્ફળ હોય નહિં.

જેણે સર્વસંગનો પરિત્યાગ કર્યો છે એવા તું મુનિને પણ ભજતાં નમિ-વિનમી વિદ્યાધરોના અધિપતિ થઈ પડ્યા ! જેની પાસે કંઇ પણ નથી-જે અકિંચનવ્રતી છે એવા મુનિની પાસેથી પણ વિદ્યાધરેંદ્રપણાની પ્રાપ્તિ થઇ તે આશ્ચર્યની વાત છે. તેનું સમર્થન કરતાં કહે છે કે ગુરુજનોના ચરણની સેવા કદી પણ નિષ્ફળ જતી નથી;-આ પણ **અર્થાંતરન્યાસ** છે. ૧૪.

**ભદ્ર શ્રેયસનું ! -જેણે, તપથી શોષિત નિરાહારી તને;**
**નિર્વાપ્યો વર્ષાન્તે, જલધર જેમ જ વનદ્રુમને. ૧૫.**

તે શ્રેયાંસકુમારનું ભલું થજો ! કે જેણે તપથી શોષાયેલ શરીરવાળા અને આહાર રહિત એવા તને, વર્ષાન્તે નિર્વાપિત કર્યો-પારણું કરાવીને પરિતૃપ્તિ પમાડ્યો: વનના વૃક્ષને જેમ મેઘ કરે છે તેમ.

પૂર્વકર્મના દોષથી ભગવાનને આહારલાભનો વર્ષ પર્યંત અંતરાય પડ્યો હતો. વર્ષને અંતે શ્રી શ્રેયાંસકુમારે ભગવાનને ઇક્ષુરસથી પ્રતિલાભિત કર્યા. આમ જેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંગમ ધર્મતીર્થને પ્રથમ પારણું કરાવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું તે શ્રેયાંસકુમાર પરમ ધન્ય છે ! તેનું કલ્યાણ હો !-અહીં **શ્લેષયુક્ત ઉપમાલંકાર** છે. શ્લેષ નીચે પ્રમાણેઃ—

તપથી શોષિત—(૧) પ્રભુપક્ષે-તપશ્ચર્યાથી સૂકાઇ ગયેલા; (૨) વૃક્ષપક્ષે-તાપથી શોષાયેલા.

નિર્વાપ્યો—( ૧ ) પ્રભુપક્ષે-તૃપ્ત કર્યો. ( ૨ ) વૃક્ષપક્ષે-શીતળ કર્યું.

વર્ષાન્તે—( ૧ ) ,, વર્ષના અંતે ( ૨ ) ,, વર્ષાઋતુમાં.

સરખાવોઃ—

**श्रेयोऽभिधस्य नृपतेः शरदभ्रशुभ्र-भ्राम्यद्यशोभृत जगत्त्रितयस्य तस्य ।**
**किं वर्णयामि ननु सद्मनि यस्य भुक्तिर् त्रैलोक्यवंदितपदेन जिनेश्वरेण॥'**

**—શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા.**

## કૈવલ્યજ્ઞાનપ્રાપ્તિઃ ગાથા ૧૬-૧૭.

**વિમલજ્ઞાન તુજ ઉપજ્યે, જગગુરુ ! મોહ ગળી ગયો ભુવનનો,**
**સમુદિત રવિયુત દિવસે, તિમિરગણ જેમ જ ગગનતણો. ૧૬.**

હે ભગવાન્ ! તને નિર્મળ-કેવલજ્ઞાન ઉત્પન્ન થયે, આ ભુવનનો મોહ ગળી ગયો; સૂર્યનો જ્યાં પૂર્ણ ઉદય થયો છે એવા દિવસે જેમ આકાશનો અંધકાર સમૂહ ઊડી જાય છે તેમ અહીં **ઉપમાલંકાર** છે, ૧૬.

**તુજને ય પૂજનાવસરે, ભરતે લેખ્યો ચક્ર સમાન અરે !**
**વિષમ નકી વિષયતૃષ્ણા, ગુરુઓનો ય મતિમોહ કરે. ૧૭.**

પૂજાના અવસરે ભરતેશ્વરે તને પણ ચક્ર તોલે ગણી કાઢ્યો ! ખરે ! વિષમ એવી વિષયતૃષ્ણા મહાજનોની મતિને પણ મુંઝવી નાંખે છે !

જ્યારે ભગવાનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ તે જ સમયે ભરતની આયુધશાળામાં ચક્રરત્નની ઉત્પત્તિ થઇ. ત્યારે કોનું પૂજન પ્રથમ કરવું ? કૈવલ્યજ્ઞાની પ્રભુનું કે ચક્રરત્નનું ? તેની વિમાસણ ભરતેશ્વરને થઈ પડી. ચક્રરત્નની કક્ષામાં-તુલનામાં પ્રભુને ગણી કાઢ્યા. વાસ્તવિક રીતે તો બાહ્ય અને જડ એવું ચક્રરત્ન, પ્રભુ જેવા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમ ભાવરત્નની તુલનામાં આવી શકે જ કેમ ? એમાં વિચારવાપણું પણ શું હતું; પરંતુ ભરત રાજા જેવાની મતિ પણ મુંઝાઇ ગઇ. આ વિશેષ વાતનું સામાન્ય ઉક્તિ વડે કવિ સમર્થન કરે છે કે વિષયતૃષ્ણા એવી વિષમ છે કે મોટા પુરુષોની મતિને પણ મોહ પમાડી દે છે. આ **અર્થાંતરન્યાસ અલંકાર** છે. —( ચાલુ )

**—ભગવાનદાસ મનસુખભાઈ મહેતા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

## પરમાત્માનું ( જૈન દૃષ્ટિએ ) શુદ્ધ સ્વરૂપ.

( જુદા જુદા દર્શનો તે માટે શું કહે છે ? )

( ગતાંક પૃષ્ઠ ૧૦૧ થી શરૂ )

પરમાત્મા વિવિધ અનુભવો અને પ્રજ્ઞતાની પ્રાપ્તિ અર્થે સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય કર્યા કરે છે એ માન્યતા પણ આધારયુક્ત નથી જણાતી. પરમાત્મા પરિપૂર્ણ હોય તો તેને વિવિધ અનુભવોની જરૂર શી હોઇ શકે ? પ્રજ્ઞતાની પ્રાપ્તિની આવશ્યકતા તેને શી રહે ? જે પરમાત્મા શાશ્વત અને સર્વજ્ઞ ગણાય છે, જે ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન સંપૂર્ણ રીતે જાણે છે એમ મનાય છે તેને અનુભવ કે પ્રજ્ઞાની જરૂર જ ન હોય. આથી જ ' Psychic phenomena ' ( અતીન્દ્રિયદર્શનનું સ્વરૂપ ) માં યથાર્થ જ કહ્યું છે કે:—

" મનુષ્યની દૈવી ગણાતી બુદ્ધિના સંબંધમાં આપણને સામાન્ય રીતે એટલો બધો પ્રગલ્ભ રહે છે કે, આત્માની સર્વોચ્ચ શક્તિનું કાર્ય જેવું જોઇએ તેવું નથી થઇ શકતું. આથી આત્માની શક્તિ જાણે કે મર્યાદિત હોય એમ લાગે છે, પણ વસ્તુતઃ તેમ નથી. પરમાત્માને સત્યનો જિજ્ઞાસુ માનતાં તેની સર્વજ્ઞતાનો અસ્વીકાર કરવા જેવું થાય છે. પરમાત્મા અનંતજ્ઞાનરૂપ છે."

જે પરમાત્મા દોષપૂર્ણ અને ઢંગધડા વિનાનો હોય તે પરમાત્માને સર્વજ્ઞ ન જ કહી શકાય. પરમાત્મા પરિપૂર્ણ હોય તો તે અજ્ઞાન અને દુઃખી જીવોની ઉત્પત્તિ ન કરે. પરમાત્મા સુજ્ઞ હોય તો તે ભક્તિની વાંછના પણ ન કરે. સાચા પરમાત્મામાં કોઇ પણ પ્રકારના મનોવિકાર કે દૌર્બલ્ય ન જ હોય.

હવે સૃષ્ટિની વ્યવસ્થાનો પ્રશ્ન આવે છે. એ પ્રશ્ન એવો છે કે જેમાં કહેવાતા પરમાત્માને કશીયે લેવા દેવા ન હોઈ શકે. પવિત્ર પરમાત્માને વિશ્વના વ્યવસ્થાપક બની કયા ઇહલૌકિક કે સ્વર્ગીય ઉદ્દેશની પ્રાપ્તિ કરવાની હોઇ શકે એવો વિચાર પણ કલ્પનાથી પર થઇ પડે છે. પરમાત્માને વિશ્વના સૂબા થવાથી શો ફાયદો ? જે પરમાત્મા હોય તેનાથી સૂબા થવાય જ નહિ. પરમાત્મપદ અને સૂબાગીરી બન્ને એક જ સમયે કદાપિ વિદ્યમાન ન હોઇ શકે. સૂબાગીરીમાં પરમાત્મ પદની પવિત્રતા ક્યાંથી હોય ? સંસારી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓથી ખરી પવિત્રતા પ્રાપ્ત નથી થઇ શકતી. સંસારનો ત્યાગ કરનારા ખરા સાધુઓ જ ખરી પવિત્રતા પ્રાપ્ત કરી શકે છે. પરમાત્મા વિશ્વનો સૂત્રો હોય તો તે પવિત્ર છે એમ ન માની શકાય. પરમાત્મા વિશ્વનો વ્યવસ્થાપક હોય એ સ્થિતિમાં તેને પવિત્રરૂપ ન જ ગણી શકાય.

સૃષ્ટિની ઉત્પત્તિમાં પરમાત્માનો કોઇ ઉદ્દેશ હોય એમ સિદ્ધ થઇ શકતું નથી. ઉદ્દેશ હોય તો એ ઉદ્દેશ કંઇપણ અંશે ફલિતાર્થ થયો હોય એમ દીસતું નથી. ઉદ્દેશની સિદ્ધિમાં પરમાત્માના માર્ગમાં ઊલટાં અનેક વિઘ્નો વધ્યાં છે. વિશ્વના કહેવાતા વ્યવસ્થાપકમાં સર્વ શક્તિમાનતા છે એમ દૃશ્ય ઘટનાઓ આદિ કોઇ રીતે સિદ્ધ નથી થઇ શકતું. કોઈ પોલિસ અમલદાર ચોરનાં પ્રાણઘાતક આક્રમણથી કોઈ મનુષ્યનું રક્ષણ ન કરી શકે તો તે અમલદાર જેમ નિઃસત્ત્વ અને નકામો મનાય છે તે જ પ્રમાણે અનેક ઘોર આક્રમણોથી જીવોનું રક્ષણ ન કરી શકનાર વિશ્વના વ્યવસ્થાપક પરમાત્મા વસ્તુતઃ સત્ત્વરહિત અને સાવ નિરુપયોગી છે એમ નિઃસંકોચ કહી શકાય. દોષિત મનુષ્યોને શિક્ષા થાય એ ન્યાયપુરઃસર છે, આથી ચોરથી મનુષ્યનું રક્ષણ ન કરનાર પોલિસ અમલદાર દોષપાત્ર ઠરે છે. તેની ઉપેક્ષાનો કોઇ પણ રીતે બચાવ ન થઈ શકે. જો સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ગણાતો એવો પ્રભુ જે તે જીવ ઉપર થતું આક્રમણ મૂંગે મ્હોંએ સહન કરી લે, જીવની રક્ષા કરવાના સંબંધમાં સંપૂર્ણ ઉપેક્ષા સેવે તો તે પ્રભુ નથી પણ શયતાન છે. એવા પ્રભુની ઉપેક્ષાવૃત્તિ સર્વ રીતે અક્ષમ્ય છે. એવા પ્રભુથી જ દુનિયામાં દુઃખ અને આધિ-વ્યાધિનો વધારો થયો છે એમ કહી શકાય. પ્રભુ દયાળુ હોય તો દુનિયામાં દુઃખને બદલે સુખનું અધિરાજ્ય અવશ્ય થાત.

કોઈ પિતા પોતાની પુત્રી ઉપર અત્યાચાર ગુજરતો સહન કરે તો તે જેમ ક્ષંતવ્ય નથી તે જ પ્રમાણે કહેવાતા પ્રભુના અત્યાચારો, પાપો વિગેરેના સંબંધમાં ઉપેક્ષાવૃત્તિ કોઇ રીતે ક્ષંતવ્ય ઠરતી નથી. મી. મૅક કેબએ 'Bankruptcy of Reli ion ' માં યથાર્થ જ કહ્યું છે કે-" કોઇ પિતા પોતાની પુત્રીની પાસે જ ઊભો હોય અને કોઇ પણ અત્યાચારનું નિવારણ કરવાની તેનામાં શક્તિ હોય છતાં યે તે પોતાની પુત્રી ઉપર ગંભીર અત્યાચાર કરવા દે તો તેના સંબંધમાં તમે શું ધારશો ? પોતાની પુત્રીએ પોતાને કોઈ રીતે ઉદ્વેગ ઉત્પન્ન કર્યો હતો એવા પિતાના કથનથી તમારા ચિત્તને કોઈ રીતે સમાધાન થઇ શકશે ? "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કોનો વાંક ?

પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજ (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજે ગૃહસ્થ શિષ્ય સ્વર્ગસ્થ શ્રી. વીરચંદ રાઘવજી ગાંધીને પશ્ચિમ અમેરિકામાં સને ૧૮૯૨ માં વિશ્વધર્મ પરિષદમાં જૈનધર્મના પ્રતિનિધિ તરીકે મોકલ્યા હતા. તેના ફળરૂપે યુરોપીઅન આત્મબંધુ હરબર્ટ વોરન લંડનનિવાસી છે તેમની સાથે હાલમાં ગયા વર્ષમાં લંડનમાં મળેલ વિશ્વધર્મ પરિષદમાં શ્રીમાન વિજયવલ્લભસૂરીશ્વરજીના આશીર્વાદ મેળવી ગયેલ આત્મબંધુ લાલન લગભગ પાંચ માસ થયા મી. વોરન (યુરોપીયન જૈનધર્મના પ્રખર અભ્યાસી અને ક્રિયાકાંડી) સાથે રોજ ચાર કલાક શ્રુત સામાયિકમાં જ્ઞાનાર્થે રોકે છે. દોઢ કલાક સંસ્કૃત અભ્યાસ કરાવે છે. મી. વોરન ૭૦ વર્ષની ઉંમરે શિક્ષણ લેવામાં તરૂણ છે. તેમની સાથે બંધુ શ્રી લાલન ધાર્મિક શિક્ષણ સંવાદ જે કરે છે; તેના સારરૂપે આ લેખ લંડનથી બંધુશ્રી લાલને આત્માનંદ પ્રકાશમાં પ્રકટ કરવા મોકલેલ છે.

"રસ્તા પર બૂમ પાડતા બાલકોનો કે વોરનનો ?"

(નીચલા પ્રસંગનું વર્ણન જે બંધુ વોરને કર્યું તેનો સાર નીચે પ્રમાણે છે. તેઓ કહે છે કે આવું આન્તરનિરીક્ષણરૂપ વિચારસ્ફુરણ હંમેશાં થતું નથી, તથાપિ એ સ્ફુરણમાં આત્મબળ–આત્મવીર્ય એટલું બળવાન હોય છે કે જીવન–પ્રવાહ ઉપયોગે અને અનુપયોગે પણ તેની તરફ આકર્ષાઈ વહન કરતું હોય તેવું લાગે છે.)

"રવિવારનો દિવસ છે. રવિવારનો દિવસ અમારામાં–આ દેશમાં વિશ્રામવાર–Sabath day–તરીકે ગણાય છે. આ શાન્તિકારક દિવસે મારા ઘરમાં રહી હું મનન કરૂં છું, અને એ મનનમાં એ દિવસે પણ બાળકો મોટી મોટી બૂમો પાડી મારા મનનમાં એટલો વિક્ષેપ પાડે છે કે મને દુઃખ

---

વૃષ્ટિ, દુષ્કાળ, રોગ અને યુદ્ધથી આબાલવૃદ્ધ લાખો મનુષ્યોનો વિનાશ, ભૂકંપ, જળપ્રલય આદિ કાર્યો કુદરતના નિયમોવશાત્ થયા કરે છે. કોઈ બળવાન્ પ્રભુ એ કાર્યો કર્યા કરે છે, એવી માન્યતા બુદ્ધિશૂન્ય થઇ પડે છે. સૃષ્ટિની ઉત્પત્તિશકિતમાં જેમ કોઈ દેવત્વ નથી તેમ સૃષ્ટિની વ્યવસ્થામાં કોઇ આધ્યાત્મિક સત્તાનું અધિરાજ્ય નથી એવી નિષ્પતિ સહજ થઈ શકે છે. સૃષ્ટિનો વ્યવસ્થાપક કોઇ પરમાત્મા છે એવી માન્યતા આધાર રહિત છે એમ નિર્વિવાદ રીતે સુપ્રતિત થાય છે. — ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ આવે છે. પ્રથમ તો મને વિચાર આવ્યો કે મારી શાન્તિનો ભંગ કરનાર આ બાળકોને પોલિસને સ્વાધીન કરવા અને પેપરોમાં પણ લખવું. આમ મારો આત્મા ક્રોધના આવેશમાં પ્રવૃત્તિ કરી રહ્યો હતો.

થોડીવાર પછી મને વિચાર આવ્યો કે આ બૂમ પાડતા છોકરા તો મારા વિક્ષેપનું નિમિત્ત-કારણ છે ( Instrumental cause ) અને હું પોતે જ વિક્ષેપનું ઉપાદાન કારણ છું. ( Substantial cause ) આ દૃષ્ટિએ વિચાર કરતાં સ્પષ્ટ દેખાઈ આવ્યું કે અપરાધી વોરન છે; આ બાળકો નહિ.

આત્મા નિમિત્ત તરફ ઓછો ઘસડાય તો પોતાની ભૂલ માણસને મળી આવે ખરી. અને આવું જાણતા એ બાળકોને મેં ક્ષમા કરી અને વોરન એવો દોષ ન કરે એવી યથાશક્તિ સબળ ભાવના કરી.

વિ. વિ. આશા છે કે અમારા જેવા સામાયિક પ્રિયોને આવા બનાવો ઘણા ઉપયોગી છે માટે પ્રસિદ્ધ કરશો એવી આશા છે.

ચર્ચાના સારનો અનુવાદ કરનાર **લાલન.** તા. ૨૬-૧૧-૧૯૩૬.

ઉપરની ચર્ચા થયા પછી આજે એવું સ્ફુરણ થયું કે ઉપાદાન એટલે વોરનની ભૂલ છે, પણ વોરન એ જડ ચેતનનું મિશ્રણ છે. માટે જો હું વોરનમાં રહેલા ચૈતન્ય ઉપર ઉપયોગ આપું તો ચૈતન્ય સાક્ષીરૂપ થઇ રહે છે. આમ થતાં અપૂર્વ નિર્મળતા દેખાય છે. નથી કષાય ઉત્પન્ન થતો બાલકો ઉપર કે નથી વોરનના ઉપાદાન ઉપર, એટલે સાક્ષીરૂપે રહેતા નિર્મળતાની સાથે સમભાવ સામાયિક પણ કેટલેક અંશે ક્ષયોપશમના પ્રમાણમાં થતું હશે.

## જ્ઞાનાર્થે ધર્મચર્ચા—સંવાદ

તા. ૨૫-૧૧-૩૬.

કૃષ્ણકેશીઃ—" મને લાગે છે કે ખોટાને ખોટું કહેવું, સાચાને સાચું કહેવું એ જ યોગ્ય છે. "

સુકેશીઃ—" બરોબર એમ જ છે."

કૃષ્ણકેશીઃ—" તો આ વિશ્વધર્મ પરિષદ્‌માં ( World Religions Fellowship ) શા માટે જણાવવામાં નહિં આવ્યું કે જૈન ધર્મ સિવાય બીજા બધા ધર્મો ખોટા છે ( false ) ? મિથ્યાત્વીના ખોટા એ જ ખરૂં છે. "

સુકેશીઃ—" આ વિશ્વધર્મ પરિષદ્ ધર્મની પરીક્ષા કરવાને મળ્યું ન હતું અને જૈન ધર્મનું પ્રતિનિધિત્વ પણ અલ્પસંખ્યક હોવાને લઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે સ્વીકાર્યું નહિ હતું, પરંતુ પરિષદ્‌માં પોતાનો વિષય શરૂ કરનારના વ્યાખ્યાન પછી અલ્પ સમય આપવાને પરિષદ્‌ના સેક્રેટરીએ લખ્યું હતું, એટલું જ નહિં પરંતુ જગતમાંના ધર્મો જે સ્વરૂપે છે તેઓમાંના કયા ધર્મો પરસ્પર સહાયક ( Fellowship ) કઇ દૃષ્ટિએ કરી શકે તેની શોધને માટે મળ્યો હતો અને જો સ્યાદ્‌વાદને કઈક આપણુ શક્તિઅનુસાર સમજવા યત્ન કરીએ તો જગતમાં ધર્મ નહિ હોવા છતાં ધર્મ હોવો એ ઉત્તમ છે, અને ધર્મમાં જે અધર્મ પેસી ગયો છે ( irreligeousness ) એ જણાવવું યોગ્ય લાગે છે. ”

કૃષ્ણકેશીઃ—“ ધારો કે કોઇ ક્રિશ્ચન માંસાહાર કરવાનું પ્રભુએ બાઇબલમાં કહ્યું છે માટે એ ધર્મ છે એમ કહે તો તમે તેને ધર્મ કહેશો ? ”

સુકેશીઃ—“ જો એ ક્રિશ્ચન ભાઇને હું એવો પ્રતિપ્રશ્ન કરૂં કે બાઈબલમાં જો મનુષ્ય આહાર કરવાનું લખ્યું હોય તો તમે તેને કબૂલ કરો. આજે મનુષ્ય આહાર કરનારા જંગલી મનુષ્યો ( aborigenes ) એ આહારને ધર્મ માને છે. ” પરંતુ—

કૃષ્ણકેશીઃ—“ એ ક્રિશ્ચને મને કહ્યું કે અમે થીઑસૉફીસ્ટ છીએ એટલે ઇશ્વરવાદી છીએ, અને માંસાહાર નહિં કરવાને અમે ઉત્તમ માનીએ છીએ. મનુષ્ય પોતાની ઉન્નતિ કરતો ઉન્નતિક્રમના નિયમ પ્રમાણે પોતાની સંતતિનું ભક્ષણ છોડી દઇ મનુષ્ય આહાર પર આવ્યો અને મનુષ્ય જેમ માનવ આહાર છોડી પાશવ આહાર તરફ વળ્યો તેમ અમે પણ વેજીટેરીઅન રહેવું–વનસ્પતિ આહાર પર રહેવું એ ઉત્તમ માનીએ છીએ; કારણ કે કોઇને પણ દુઃખ ઉત્પન્ન કરવાથી એ દુઃખનું ( reaction ) પ્રતિઘાત થાય ત્યારે આપણે દુઃખ ભોગવવું પડે છે, એવો કર્મવાદ પણ અમને માન્ય છે.”

સુકેશીઃ —“ જ્યારે સ્વાપત્ય આહાર છોડી માનવ આહાર પર આવી અને પાશવ આહાર છોડી વનસ્પતિ આહારની ભાવના કરે એને એકાન્ત અધર્મ કહેવો એ સ્યાદ્‌વાદની દૃષ્ટિએ યોગ્ય લાગતું નથી. એમની દૃષ્ટિ સમ્યક્‌ત્વી નથી પરંતુ એમનું મિથ્યાત્વ મિથ્યાત્વ નહોતાં ગુણસ્થાનક હોવાથી એમની વૃત્તિ સમ્યક્‌ત્વ તરફ દોરાય છે, એટલે કે અહિંસા તરફ દોરાય છે. અને જ્યારે અનંતાનુબંધી ગાઢ કષાયનું જોર ઘટે ત્યારે સમ્યક્‌ત્વ પ્રાપ્ત થવાનો સંભવ તો ખરો. માટે મનુષ્યનું એક અંગ બીજા અંગને સહાયક થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માની શોધમાં—
# ઉપાસ્ય અને ઉપાસકો
(૪)

સમય થતાં જ ચક્ષુ બીડાયા અને દ્રશ્ય શરૂ થયું.

પાર્શ્વજિનના મોટા મંદિરમાં સંખ્યાબંધ ભાવિકોનું ગમનાગમન થઈ રહ્યું છે. ચૈત્યની વિશાળતા, વણિક વ્યવસ્થાપકની વિચિત્ર મનોદશાથી અને સાથોસાથ ભક્તોની વિચારવિહુણી પદ્ધત્તિથી સંકડાઇ ગયેલી જણાય છે. દેવ-વંદન ભાષ્યની લાઇનદોરી અહીં ઉઘાડે છોગે ઉલંઘાઈ રહી છે ! એમાં ભલેને અવગ્રહના માપ બાંધ્યા હોય કે સ્ત્રી પુરુષ માટે ડાબી–જમણી દિશાનાં ક્રમ દોર્યા હોય; પણ અહીં તો એ બધું ભેળસેળ ! અરે ! પણ આ ગર્ભદ્વારમાં આટલો કલરવ શાનો ? અને ત્રણ જગતના નાથની સામે આ ધક્કાધક્કી શી ? પૂજકોએ :એવી રીતે પ્રભુ–મૂર્તિને ઘેરી લીધી છે કે બહાર ઉભનાર મુખ પણ ન જોઇ શકે, તો પછી ચૈત્યવંદન કરનાર જિનબિંબ સહ દ્રષ્ટિ સાધી એકાગ્રતાનો અનુભવ તો કરે જ કયાંથી ? અને ધ્યાનસાધના ! હરિ ! હરિ ! ! દેવાલયમાં ચાલી રહેલ વિવિધ રંગીને તાલ–પદ્ધત્તિ કે રાગના ઔચિત્ય-હીન–રાગડાઓ મધ્યે ધ્યાન કે ચિંતન ટકે જ શાના ! અહીં પણ મૂડીવાદ પથરાઇ ચૂકયો છે. બસ આવક, આવક અને આવક જ જોઈએ. ભલેને પછી પાંચ સાત પૂજકો હાજર હોય, છતાં ઘી તો બોલાવું જ રહ્યું. હવે તો એ રવૈયો પડી ગયો ! એ ખાતર તો પાચ–પંદર કે પચીસ મિનિટ શ્રીમં-તોની રાહ પણ જોવાય ! વણિક વહીવટમાં સમયના તે પ્રમાણે કેવા ?

---

મનુષ્યની એક અંગુલી બીજી અંગુલીને સહાયક રહી મનુષ્યની શુભ પ્રવૃત્તિને આગળ ચલાવે છે. તેમ ધર્મરૂપ મનુષ્યના નયરૂપ અંગો (વિવિધ ધર્મો) અને ઉપનયરૂપ ઉપાંગો (ધર્મના સંપ્રદાયો) પરસ્પર ધર્મના ઉદ્દેશને લક્ષમાં રાખી કાર્ય કરવા આવા જિજ્ઞાસુ જ્ઞાનકાળમાં પ્રયત્ન કરે તો આગળ ધર્મ તો વધે. શ્રી હરિભદ્રસૂરિ સમ્યક્ત્વ પ્રાપ્ત થયાની પૂર્વની અવસ્થાને પૂર્વસેવા તરીકે જણાવે છે અને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પણ જે માર્ગાનુ-સારી જણાય તે અધર્મી નથી, પણ ધર્માભિમુખ છે. (અહિં ચર્ચાનો પહેલો અંશ પૂરો થાય છે. ત્યારપછીના બીજા બે વિષયની ચર્ચા હવે પછી.) ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં તો અવાજ કર્ણે અથડાયો. આવો ભુરાભાઇ, તમો ઘી બોલ્યા છો ને? લ્યો આ વાડકી, ચલો, જલ્દી બરાસનું વિલેપન કરો. આજે બધાને બહુ ખોટી કર્યા !

એક તરફ બરાસની પૂજા માટે પડાપડી ! વિલેપન પણ એવી રીતે કે જાણે જિનબિંબ પર લપેડા ! બીજી તરફ કેશર-ફૂલ ને મુગટ પૂજાના ઘીની ઉછામણી ! લ્હાવો લેનારામાંના કેટલાક પાસે તો વર્ષોની ઉઘરાણી ! ભલેને પછી ભૈયો ધક્કા ખાય ! રેલ્વેવાળાને પહેલા પૈસા ધરવામાં વાંધો ન નડે ! પણ અહિં દેવ-દરબારમાં એવો નિયમ કરવાની વાત આવે તો ક્રેડીટનો પ્રશ્ન નડે ! કારણ પરત્વે આરંભાયેલી આ બોલીની પ્રથા આજે તો એટલી હદે અડ્ડો જમાવી ચૂકી છે કે ન પૂછો વાત ! એ આવક સારુ તો સંખ્યાબંધ પૂજકો પાછા જાય, કિંવા ખોટી થાય તો કંઈ નહિં ! અરે ! ખૂદ પ્રભુને પણ એ શ્રીમંતો સારુ ખોટી થવું પડે ! ઘણી જગ્યાએ તો **सर्वे गुणाः कांचनमाश्रयन्ते** આગમન પર નજર રાખીને જ નિયમ બાંધ્યા હોય છે ! અરે ! કેટલેક સ્થળે તો જે બિંબ પર હજારો કળશના અભિષેક થયા હોય છે અને ત્યારબાદ પૂજવા યોગ્ય ગણાયું હોય છે એના પૂજન તો ઉક્ત ઘી બોલનાર માટે રીઝર્વડ થઇ ચૂકયા હોય છે અને માત્ર એ પર ચઢતા ચાંદીના ખોલાની પૂજા કરવાપણું બાકી રહે છે. અને આ બધું ભક્તિના નામે ! આગમ જોવાની એ ટાણે ફુરસદ કેવી ? બસ, આવક વધી એટલે ચાંદીમાંથી સોનું અને એથી આગળ હીરા-મોતી ! તેથી વધે તો માત્ર અલંકાર કે આંગીઓ જ શા સારૂ ? જાળી કમાડે અને થાંભલાએ શી ચોરી કરી ? મઢાવો એને પણ ચાંદીથી જ ! આવું નિતરૂં સત્ય વીસમી સદીના વણિકો જ તારવી શકે ને ! વિમળશા કે વસ્તુપાળ તેજપાળ જેવાને પણ ન જ લાધ્યું, નહીં તો તેઓ લાખોની રકમ સોનું ચાંદી મૂકી આરસના પહાણામાં ખરચત ખરા ?

પણ આ માયાના વધારાએ તાળા-ચાવી ને ભૈયા આણ્યા તેનું શું ? દેવ દરબારના અભંગદ્વાર એ તો શાસ્ત્ર પાનામાં જ રહ્યા ને ? એને તો એવી સ્થિતિ જન્માવી છે કે સમજુ જૈન ઘડીભર નભાવી ન લે. સમુદ્રમાં જિન-મૂર્તિના આકારના માછલાને જોઇ સમકિત પમાય પણ આ પ્રત્યક્ષ વીતરાગ બિંબને ઉપર વર્ણવી તેવી માયા ચોરાઈ જવાના ભયે એવા સખત પહેરામાં રાખવાના કે જાહેરને તો દર્શન જ દુર્લભ ! કોઇ જિજ્ઞાસુ આવી ચઢે તો દર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાજા પરનું બોર્ડ–'જૈન સિવાય આવવું નહીં,' વાંચીને જ પાછો પૂરે ! કેવું વિચિત્ર પરિવર્તન !

'ધુમ ધામા ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે' એ શું સાચું નથી લાગતું ? કયાં એ સમય કે જે કાળે એકાદો હાલિક કોડીયાના દીવે દીપક પૂજાનું અણમુલુ ફળ લાભી જતો અને કયાં આ સમય કે જયાં માત્ર કોડીયા જ નહિં પણ ફાનસ સુધાં ચાંદીના ! પણ ભાવ અને નિવૃત્તિ કેવા ! મૂળને છોડી ને ડાળ–પાંખડાને વળગવા જેવું જ ને !

પણ અરે જોવાનું મૂકી વિચારમાં કયાં ઉતરી પડ્યો ! મનને ઠપકો આપી નેત્ર સ્થિર કરું ત્યાં તો—

ઓહ, શી ભક્તોની લીલા ! પ્રભુના બિંબને અંગલુહણથી લૂછતાં જાય, અંગ પરના પુષ્પોને કિલામણા થાય તેવી રીતે દૂર ફેંકતા જાય અને લાલચોળ કેશરથી નવ અંગને બદલે કેટલાય ટીલાટપકા કરી આત્મસંતોષ ધરવામાં આવે ! થોડા તો વળી પ્રભુમૂર્તિને શોભાવવા વીંધેલા હારો ચઢાવવામાં કે ફૂલોની પાંખડીઓ છેદવામાં દોષાપત્તિનો વિચાર સરખો પણ ન કરે ! આ સિવાય ભક્તિના નામે અંગ ચાંપનારને દાઢીમાં હાથ નાંખનાર વર્ગ પણ ખરો ! વીતરાગ દેવની સમક્ષ દ્રવ્યપૂજનના નામે–ભક્તિના અતિરેકથી કહો કે વિધિની અજ્ઞાનતાને અંગે કહો; છતાં આ જાતનો વર્તાવ ઘણેખરે સ્થાને રોજનો થઇ પડ્યો હોય છે ! એમાં કેટલીક વાર સખત બોલાચાલી પણ થાય છે–જાણે એ વેળા જીવદયા–સમતા–સ્વધર્મીબંધુત્વ આદિ બધું કયાંયે ભૂલાઇ જાય છે !

પણ અહિં તો જુદી જ વાત ચાલી રહી છે. જુઓને વહીવટદાર અમથાશા શું પ્રસ્તાવ મૂકી રહ્યા છે ! કાન દઈ સાંભળતાં ચોકખું જણાય છે કે ગભારામાં વિજળીની બત્તી દાખલ કરવા સંબંધમાં અને પડોશમાં આવેલ મહાવીરસ્વામીના દહેરાની દિવાલના હક્ક માટે આગળ પગલા ભરવા માટે સૂચના કરી રહ્યાં છે.

દેવ દરબારમાં ઘીના દીપકો અદ્રશ્ય થઈ જવા માંડયા. કયાં ઘીના જયણા-યુક્ત–ઠંડક આપતાં દીપકો અને કયાં આ વીસમી સદીની ઉષ્ણતાજનક સંખ્યાબંધ ક્ષુદ્ર જંતુઓનો કોઇ કોઇ પ્રસંગમાં સર્વનાશ નોતરતી વિજળી બાઇ ! પણ કડાકૂટ જરાયે નહીં ને ! બટન દાબ્યું કે બેડો પાર ! બસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાવરનો ગ્લોબ લગાવ્યો કે અજવાળું ! અજવાળું ! એ પ્રકાશમાં પ્રભુમૂર્તિ અને તેમના દેહ પર રચેલી કટોરાની ખમીસ કે અંગરખાની રચના કેવી ખીલી ઉઠે ! ઝવેરાતની આંગી હોય તો ઠાઠનો શુમાર જ ન રહે !

પણ એકાદી સ્વીચ દબાણી કિંવા ફ્યુઝ ઊડયો ત્યાં જોઈ લ્યો પછી રંગમાં ભંગ ! ભાવનાની જમાવટ થઇ રહી હોય, નરનારી અને બાળકોના વૃંદ ગીચોગીચ ગોઠવાઇ ચૂકયા હોય–સંગીતમંડળીના બાળકો વિવિધવર્ણી વાદ્યો સજી હાથના મરોડથી નાટકી ઢબે સંગીત કરી રહ્યાં હોય ત્યાં અચાનક અંધકાર વ્યાપતાં રંગમાં ભંગ પડે ! અવ્યવસ્થા થઇ રહે. આખરે એ પુરાણા હાંડીઝુમરોને યાદ કરવા પડે. આ સાચું ચિત્ર છે, તો પછી દેવમંદિરો વિજળી બાઇને શા સારૂ ગર્ભગૃહમાં દાખલ થવા દે છે ? શા કારણે એને સર્વાધિકારિણી બનાવી મૂકે છે ? શા માટે એ પાછળના ખરચ તરફ દ્રષ્ટિ સરખી નથી ફેરવતાં ? એ દ્વારા આત્મિક પ્રગતિનો પારો કેટલો ઊંચો ચડયો એના માપ કહાડવામાં આવ્યા છે ખરા ? એક જ વાત. ભપકો અને આડંબર ! રાગી ધામોનું આંધળીયા અનુકરણ ! ત્યાગભાવનાને નામે મોટું મીંડું ! પણ પેલી બીજી દરખાસ્તનો શો ફેંઝ આવ્યો ? અમથાશાએ ગમે તેમ સમજાવી બીજા વહીવટદારોની સંમતિ મેળવી એટલે હવે વાત કોર્ટે જવાની ! જાણી લ્યો કે હવે શ્રી પાર્શ્વનાથ શ્રી મહાવીરસ્વામી સામે કેસ લઢવાના ! સંસારીઓને તો હક્કની મારામારી સંભવે. અમરપટો ન હોવા છતાં પણ અજ્ઞાનતા કે અભિમાન એમને મન માન્યા નાચ નચાવે; પણ આ ઉપાસનાના સ્થાનોમાં આ શું ? રાગી ભક્તો ત્યાગીઓના નામે કેવા કરતુતો કરી રહ્યાં છે ? ચૌદરાજ લોક પર સચ્ચિદાનંદમય સ્થિતિમાં વિરાજમાન પરમાત્માઓને પણ સામસામે ઊભા રાખી કોરટના પગથિયા પણ ચઢાવે છે ! એ નામે ન્યાયના નાટક ભજવાય છે ! આ તે ભક્તિ કે બુદ્ધિનું દેવાળું !

અરે ભૂલ્યો ! આ તો વીસમી સદી ! એના તોલ-માપ જ જુદા ! અને અધિકાર આવ્યો વણિકવર્ગના હાથમાં એટલે સર્વત્ર ખનખન રામની જ વાતો ! પાઈની ભૂલ માટે પૈસાનું તેલ બાળનાર વર્ગ હક્ક કેમ જતા કરે ? અન્યત્ર ભલે મૂછ નીચી જાય પણ મંદિરો કે ધર્માદાના વહીવટોમાંનો એક સ્વામીભાઇ બીજાને નમતું ન જ આપે. જરૂર પડયે પ્રીવી કાઉન્સીલ પહોંચવા સુધી તૈયારી દાખવે–કુવાના બાપનું શ્રાદ્ધ એટલે ખીસા પર તો કાપ પડવાનો નહીં, પછી શા સારૂ દોરી ન પકડે ? અને વોર લોન–મકાનો અગર તો એવા જ અન્ય સારા વ્યાજ આપતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈરાગ્ય પ્રાપ્તિનાં સાધનો.

અનુ૦ અભ્યાસી

( ૪ )

જ્યાં સુધી વિષયોમાં આસક્તિ રહે છે ત્યાંસુધી ચિત્તની ચંચળતા મટી શકતી નથી અને ચિત્તની ચંચળતા રહેતાં કોઇપણ બાહ્ય સ્થિતિમાં કદી પણ શાંતિ મળી શકતી નથી. શાંતિ ચાહતા હો તો વિષયોમાં વૈરાગ્ય કરો. યાદ રાખવું કે પરમ વૈરાગ્યવાન પુરુષ જ પરમ શાંતિ પ્રાપ્ત કરી શકે છે.

એ વૈરાગ્ય કેવળ બાહ્ય વસ્તુઓનો હઠપૂર્વક ત્યાગ કરવા માત્રથી નથી થઈ શકતો, જ્યાં સુધી ચિત્તની અંદર વિષયોનો ચસકો લાગ્યો હોય છે ત્યાં સુધી વૈરાગ્ય ખરો નથી થતો, ખરો વૈરાગ્ય તો ત્યારેજ જાણવો જોઇએ કે જ્યારે એ ચસકો પણ નષ્ટ થઈ જાય.

વૈરાગ્યની પ્રાપ્તિ માટે નીચે લખેલા સાધનો કરી જુઓ. એ સર્વ સાધનો સૌના કામના નથી તેમ જ સૌ કોઇ એ કરી શકતા નથી. પોતપોતાની સ્થિતિ અનુસાર જ કરી શકાય છે. કરનારને વૈરાગ્યપ્રાપ્તિમાં કાંઇ ને કાંઈ લાભ તો થાય જ છે. જેવો પ્રયત્ન હશે તેવું જ ફળ મળશે.

---

વ્યવસાયોમાં ધન રોકી આ વહીવટદારોએ ઓછી દ્રવ્યવૃદ્ધિ કરી છે ? વ્યાજની લાલસામાં આ વહીવટદારો શું નથી ભૂલ્યા ! એ વેળા તેમણે પોતાનું કે પારકું એનો ભેદ કર્યો છે કે ?

એમ કહેવાય જ કેમ ? જેમને ધર્મ–અધર્મ કે સાર–અસાર પ્રતિ આંખમીંચામણા કરી . કેવળ ધનની આવક પ્રતિ જ આંખ ખુલ્લી રાખી દેવદ્રવ્યમાં સારો વધારો કરી આપ્યો છે તેમને તો ધન્યવાદ જ ઘટે ને ! !

પણ :શાસ્ત્રીય દ્રષ્ટિબિન્દુ ગુમ થયું તેનું કેમ ? ત્યાગદશાપોષક સ્થાનોમાં આજે રાગ ને ભભકા વધી ગયા તેનું કેમ ? આજે એ કલહના સ્થાનોમાં ફેરવાઇ રહ્યા છે એની જવાબદારી કોને શિરે ? એ જ વહીવટદારોના કે અન્ય શીરે ?

' ત્યાં તો ઘડીઆળમાં કાળ રમતો ન જોયો ' એવો જાણે સંદેશો ન આપતો હોય એમ દાદાનો ઘંટ સંભળાયો ને ખેલ ખલાસ !

ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો વિચાર કરો કે વિષયોમાં રમણીયતા કયાં ય નથી. એના સૌન્દર્યનો આધાર આપણા મનની કલ્પના જ છે. જે સ્ત્રી કે પુરુષના રૂપ ઉપર પુરુષ અથવા સ્ત્રી મોહિત બને છે તે રૂપ વસ્તુતઃ શું છે ? આપણી કલ્પનાએ જ તેમાં સૌન્દર્યનો આરોપ કરી લીધો છે. ચામડી, હાડકાં, કેશ, નખ અને શરીરની અંદર ભરેલા મળમૂત્ર, ભેદ, મજ્જા, લોહી, માંસ વગેરેમાં કયી ચીજ ખરી રીતે સુન્દર છે ? મરી ગયેલા મનુષ્યનું એ જ મોઢું શા માટે ભયાનક લાગે છે ? એટલા માટે જ કે ત્યાં તેની અંદર રમણીયતાની કલ્પના નથી.

એવો વિચાર કરો કે વિષયોમાં સુખ કયાં ય નથી. ભ્રમને લઈને જ આપણે દુઃખમાં સુખનો મિથ્યા આરોપ કરી રાખ્યો છે. ગીતામાં કહેલું છે કે વિષયોને 'દુઃખયોનિ' વિષયરૂપ સંસારને 'અસુખ' અને 'દુઃખમય' કહેલ છે. એ વચનોની સાથોસાથ યુક્તિથી જરા વિચાર પણ કરો. વિષય દુઃખરૂપ છે કે નહિ ? વિષયોના અભાવમાં દુઃખ છે, તેના ઉપાર્જનમાં દુઃખ છે, સંસ્કારમાં દુઃખ છે, તેની પ્રાપ્તિમાં દુઃખ છે, પરિણામમાં દુઃખ છે, વિષય સંબંધ ગુણવૃત્તિયોના વિરોધમાં દુઃખ છે. અભાવનું દુઃખ પ્રત્યક્ષ જ છે. ઉપાર્જનમાં કેટલું દુઃખ થાય છે એ વાત ધનની પાછળ પડેલા સર્વ મનુષ્યોથી સમજાય તેવી છે. દિવસરાત ચિન્તાની ભઠ્ઠીમાં બળવું પડે છે.

'પ્રાપ્તિમાં' જો કે ભ્રમવશ કયાંય કયાં ય સુખ જેવું દેખાય છે, પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી હોતી. કોઇપણ વિષય એવો નથી કે બાળનાર નથી હોતાં. સંસારમાં પ્રત્યેક વિષય અપૂર્ણ છે, તે પોતાની પૂર્ણતા ખાતર બીજી કોઇ વસ્તુની અપેક્ષા રાખે છે. પુત્ર હોય છે તો યે ભણાવવા–ગણાવવાની ચિંતા, એને પરણાવવાની ચિંતા, એને સુયોગ્ય બનાવવાની ચિંતા, એ રીતે નાના પ્રકારની અપૂર્ણતાઓ જોવામાં આવે છે. જે હંમેશા બાળ્યા કરે છે. બીજો માણસ કેટલો આગળ વધી ગયો, તેની પાસે કેટલું બધું ધન વધી ગયું, તેનું માન–સન્માન મારા કરતાં વધારે છે, તેનો પુત્ર મારા પુત્ર કરતાં વધારે લાયક છે, એ રીતે આપણી ન્યૂનતાને લઈને હૃદય હમેશાં બળ્યાં કરે છે. અને એ ન્યૂનતા વિષયોથી કદીપણ પૂર્ણ થતી જ નથી.

જે વસ્તુ આજે છે તે કાલે નષ્ટ થઈ જાય છે અથવા તેને બળાત્કારથી છોડવી પડે છે ત્યારે અત્યંત દુઃખ થાય છે. સંસારમાં પ્રત્યેક વિષયની એ જ સ્થિતિ છે. આજે છે, કાલે નષ્ટ થઇ જાય છે. અથવા તો તેને છોડી દઇને આપણે જ કયાંય ચાલ્યા જવું પડે છે એ પરિણામ દુઃખદાયી નહીં તો બીજું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું છે? વસ્તુતઃ વિષય માત્ર પરિણામે દુઃખદાયક છે જ. એનામાં સુખની પ્રતીતિ તો કેવળ ભ્રમવશાત્ ભોગવતી વખતે જ થાય છે. જેવી રીતે દાદર ખંજવાળતી વખતે સુખ જણાય છે, પરંતુ પરિણામે બળતરા થાય છે ત્યારે દુઃખ થાય છે તેવું જ બધા વિષયોના સંબંધમાં સમજો.

હાય! હું પહેલાં કેવો સુખી હતો? ધન, પુત્ર, અને નોકર-ચાકરોથી ઘર ભરેલું હતું, યુવાન સ્ત્રી હતી, સ્ત્રી કેવી સુંદર તેમજ સુશીલા હતી? જગતભરમાં કીર્તિ ફેલાયલી હતી. અત્યારે તે બધું ચાલ્યું ગયું છે. મારી જેવો દુઃખી બીજો કોણ હશે? એ રીતે પ્રાપ્ત વિષયોનો સંસ્કાર પણ દુઃખ આપે છે. અમુક વિષય જોઇએ તેની પ્રાપ્તિ કેવી રીતે થાય? એક માણસે ઉપાય બતાવ્યો, એ ઉપાય બરાબર નથી. બીજો ઉપાય સારો છે, એમાં કશું પાપ નથી, પહેલામાં પાપ છે, પણ શું કરવું? કામ તો પાર પાડવું જ જોઇએ. એ રીતે ગુણજન્ય વૃત્તિઓમાં વિરોધ હોવાથી ચિત્ત ગભરાઈ જાય છે, દુઃખનો પાર નથી રહેતો. શું કરવું અને શું ન કરવું? એ ગડમથલમાં જીવ બળ્યા કરે છે.

એ રીતે વિષયોમાં દુઃખ દેખીને તેનાથી મનને પાછું હઠાવો. મનમાં નિશ્ચય કરો કે વિષયોમાં નથી રમણીયતા કે નથી સુખ. તેનામાં દોષ તથા દુઃખબુદ્ધિ કરો. ધન, યૌવનનો ગર્વ, એશઆરામ, પદ સન્માન, મોજશોખ, વૈભવવિલાસ, રૂપરંગ, પૂજા-પ્રતિષ્ઠા, આદરસત્કાર વિગેરે પ્રત્યક્ષ સંતાપનો અનુભવ કરો, તેનાથી ડરો, સાપ, વાછી અને પ્રેત પિશાચોથી પણ એને ભયાનક સમજો. કોઇપણ લોભ, લાલચ વા પ્રમાદથી બીજાના હિતની ભ્રમપૂર્ણ ભાવનાથી પણ એમાં ન ફસાઓ. વિષયસુખને તો શરીર, શૌર્ય, શાંતિ વિગેરેનો નાશ કરનાર સમજીને તેનાથી ચિત્તવૃત્તિને વારંવાર પાછળ હઠતા રહો.

વિષયોથી ચિત્તને હઠાવવા માટે પ્રેમ તેમજ નિયમપૂર્વક સત્સંગ અને ભજન કરો, સત્સંગ અને ભગવાનનું ભજન કરવાથી ચિત્ત સ્થિર તેમજ નિર્મળ થશે. જેટલે દરજ્જે ચિત્ત રૂપી આધાર મળદોષથી રહિત અને સ્થિર થશે તેટલે દરજ્જે પરમાનન્દરૂપ ભગવાનની ઝાંખી થતી જશે. ભગવાનની નિત્ય અનંત સુખમય ઝાંખી પાસે વિષયોનું સમસ્ત સુખ સૌંદર્ય સ્વયમેવ નષ્ટ થઇ જશે. પછી ભગવાન સિવાય બીજા વિષયોમાં રસ ઘટતો જશે. વૈરાગ્ય ધીમે ધીમે આપોઆપ ચમકી નીકળશે અને વૈરાગ્યના સુપ્રકાશમાં ભગવાનની ઝાંખી વધારે સ્પષ્ટ થશે. એ વૈરાગ્યથી ભગવાનનો પ્રકાશ અને ભગવાનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશથી વૈરાગ્યની ઉજ્જવળતા વધતી જશે. પરિણામે એક પરમાનન્દ સ્વરૂપ ભગવાનનો જ હૃદય ઉપર અધિકાર જામશે, તમારા દુઃખ, વિષાદ તથા ચાંચલ્ય સર્વથા ચાલ્યા જશે. તમે ભગવાનનું પરમ તત્ત્વ પામીને કૃતાર્થ થઇ જશો. એ પરમ તત્ત્વરૂપ ભગવાનની અખંડ અનામય અને અનન્તાનન્દસુધારસ વાળી મનોહર પરમ મધુર ઝાંખીને પ્રત્યક્ષ કરી લેવાથી બીજાં બધાં રસ સૂકાઈ જશે; અને એક માત્ર મનના અમૃત રસવડે સમસ્ત વિશ્વ ભરાઇ જશે, પછી કયાંય પણ અશાંતિ અને અસુખનું અસ્તિત્વ નહી રહે. તમે દિવ્ય સુખના અનન્ત સાગરમાં નિમગ્ન થઇ જશો. સ્વયં આનન્દમય થતાં આનન્દનો અનુભવ કરશો. તે વખતે તમો શું થઇ જશો એ કોઇ બતાવી શકે તેમ નથી.

યાદ રાખો, શરીરના વિષય કદી પણ પૂરા નહિં થાય. જેટલા ભોગવશો તેટલી જ વાસના વધવાની. અને એ વાસનાઓમાં મૃત્યુ થશે તો ફરી આગળ પણ તે રહેવાની જ, પરંતુ એમ ન માનો કે ઘરબાર છોડવાથી, રાખ લગાડવાથી, શિર મુંડાવવાથી, જટા રાખવાથી કે ભીખ માગવાથી સાચો વૈરાગ્ય આવે છે. વૈરાગ્યનો આધાર તો મન છે. મન ફસાયલું હોય છે તો રાગ છે, મન છૂટું હોય છે તો વૈરાગ્ય છે. ઘર કરો કે ઘર છોડો—જે મનની વિષયાસક્તિ નથી છૂટતી તો ફસાયલા જ છે. સંયમ, વૈરાગ્ય અને સાધના માટે ઘર છોડવું હોય અથવા છોડવા લાયક હોય તો તે છોડવું પણ ઠીક છે, કયાંય કયાંય ત્યાગમાં બંધન હોય છે અને બંધનમાં ત્યાગ હોય છે. ખૂબ વિચારીને કામ કરો. લક્ષ્ય તો વૈરાગ્ય જ રહે—વિષયોથી, આસક્તિથી મુક્તિ—વૈરાગ્ય થશે તો શાંતિ જરૂર પ્રાપ્ત થશે.

જીભના સ્વાદથી ચિત્તને હઠાવો, શરીરનો આરામ ન ઇચ્છો અને માન–પ્રતિષ્ઠાથી તો હંમેશાં ડરતા જ રહો. તેની ઘૃણા કરો, તેમાં પણ તમારું કલ્યાણ રહેલું છે.

પરમાત્માને કદી પણ ન ભૂલો. નિશ્ચય કરો કે એજ તમારા પરમ આત્મીય છે, પરમ સ્વજન છે; એ જ્ઞાન, પ્રેમ, વાત્સલ્ય, કૃપા, દયા, સુખ, આનંદ, મંગળ અને કલ્યાણનો અખૂટ ખજાનો છે. એ એકના આશ્રયથી જ એ સર્વ વસ્તુઓ આપોઆપ મળી જાય છે. ઐશ્વર્ય, અમરત્વ, માધુર્ય, સત્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુભાષિત સંગ્રહ

( ૧ )

**સુપુત્ર**—એક પણ સુપુત્રયોગે સિંહણુ સુખે નિર્ભયપણે સૂઇ શકે છે, જ્યારે ગધેડીને દશ બચ્ચા થયા હોય તો પણ તેને ભાર વહન કરવો પડે છે. સુપુત્રની ખરી ઈચ્છા(કામના)વાળા દંપતીએ બ્રહ્મચર્ય જેવાં વ્રતમાં કેવું સુદઢ રહેવું જોઇએ ? કેવા સુંદર આચારવિચારનું પાલન કરવું જોઇએ ? અને કેવો ઉત્તમ સહવાસ સેવવો જોઇએ ? વિગેરે હિતકારક બોધ માટે **બ્રહ્મચર્ય વિચાર** અને **શીલનો મહિમા** વિગેરેનું **સારી રીતે વાંચન-મનન કરી** તેનું યથાશકય **પરિશીલન-પરિપાલન** કરવું જોઇએ.

**ઉચિત વિવેક**-રાજાને, દેવગુરુને, પાઠકને અને વૈદ્ય તથા નિમિત્તજ્ઞ જેવાને

---

સૌન્દર્ય વિગેરેનો એ અનંત સાગર છે. એ કલ્યાણમય, સૌન્દર્યમય, શિવમય, પ્રેમમય, જ્ઞાનમય, મંગલમય અને આનન્દમય છે. એ નિરાકાર, સાકાર સર્વ કાંઇ છે. એ પરમ પિતા, પરમ ગુરુ, પરમ સખા, પરમ સુહૃદ્, પરમ ઇશ્વર, પરમ ધન અને પરમ સંપત્તિ છે. એ માતા બનીને સ્તનપાન કરાવે છે, અને એજ પુત્ર બનીને સ્તનપાન કરે છે. તમારી ભક્તિના અને તમારા વાત્સલ્યના એજ એક પાત્ર છે. તમે એના છો, એ તમારો છે. તમારો એ સંબંધ અટુટ છે, તો પછી એને ભૂલીને બીજાને શું કામ ભજો છો ? શા માટે સારને તજીને અસાર માટે ભટકો છો ? શા માટે કારણ છોડીને કાર્ય ઉપર મોહિત બનો છો ? કાયાનો ત્યાગ કરીને છાયાની પાછળ કેમ દોડો છો ?

યાદ રાખો, એના વિના જ સંસાર દુઃખમય છે. એને પ્રાપ્ત કરશો કે પછી તમામ જગત્ તમને આનન્દમાં ડુબતું-આનન્દમય દેખાશે. તેમજ એટલો વિશ્વાસ રાખો કે તમે તેના પોતાના છો, તે નિરંતર તમારી સાથે છે, તેને એવા માનીને અને જાણીને નિર્ભય બની જાઓ. તેનાં ચરણોમાં તમારી જાતને ન્યોછાવર કરી દો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેટવા-મળવા જતા સાવ ખાલી હાથે ન જવું, કંઇ ને કંઇ ઉત્તમ ફલાદિક સાથે જ હાથમાં રાખી ભેટવા-મળવા જવાનું ન ભૂલવું. એમની પાસે ઉત્તમ ફળને ઢોકવાવડે શુભ ઈચ્છિતફળ પામીએ.

**ચિન્તા-( ભાવના )**—આત્મકલ્યાણ સાધી લેવાની ચિન્તા-ભાવના ઉત્તમ છે, મોહ-મમતાવાળી ચિન્તા મધ્યમ છે, કામભોગ સંબંધી ચિન્તા અધમ છે ત્યારે નકામી પરચિન્તા અધમાઅધમ છે. દુર્લભ માનવભવાદિક શુભ સામગ્રી પામી, તત્ત્વજ્ઞ ગુરૂ-મહારાજનો જોગ પામી, સાર તત્ત્વબોધ મેળવી, આત્મ-કલ્યાણ સાધી લેવાની ખરી તક હાથ આવી જતી ન રહે તેવી ચિન્તા-સતત ભાવના જાગ્રત રાખવી એજ આપણું અવશ્ય કર્તવ્ય લેખવું.

**સ્વાર્થ અંધતા**—પ્રજા થયેલી સ્ત્રી પતિનો અનાદર કરે છે, પરણેલો પુત્ર માતાનો અનાદર કરે છે, ગરજ પામેલો (સ્વાર્થ સરેલો) સેવક સ્વામીને ધિક્કારે છે અને સાજો થયેલો-રોગથી મૂકાયા બાદ વૈદ્યનો અનાદર કરે છે.

**જૂગટુ**—સર્વ આપદાનું ધામ છે, દુર્બુદ્ધિ જનો જૂગટું રમે છે, જૂગટું રમવાથી કુલની પ્રતિષ્ઠા લોપાય છે. અધમ જનો તેવા જૂગટાની પ્રશંસા કરે છે.

**સુબુદ્ધિજનો**—શાસ્ત્રને સ્વપરના બોધ માટે, ધનને દાન દેવા માટે, જીવિતને ધર્મની સેવના માટે અને દેહને પરોપકાર નિમિત્તે ધારી રાખે છે.

**ગણના-અમારૂં ને આ પરાયું** એવી ગણત્રી અનુદાર-ટુંકી બુદ્ધિવાળાની હોય છે. ઉદાર બુદ્ધિવાળા તો સારી દુનીયાને સ્વકુટુંબ તુલ્ય લેખવે છે.

**પૂર્વકૃત પુન્ય**—સર્વ અવસ્થામાં સર્વ સ્થળે પૂર્વે કરેલું પુન્ય જીવની રક્ષા કરે છે.

**હિત પ્રયત્ન**—જ્યાં સુધી શરીર સ્વસ્થ-નીરોગીલું છે, વૃદ્ધાવસ્થા વેગળી છે પાંચે ઈન્દ્રિયો પરવડી છે, અને આવખું ખૂટ્યું નથી ત્યાં સુધી આત્મકલ્યાણ સાધી લેવા ખૂબ પ્રયત્ન સુજ્ઞ જનોએ કરી લેવો જોઇએ. ઘર બળવા માંડયા પછી તેને ઠારવા માટે કૂવો ખોદવાનો ઉદ્યમ કરવો નકામો જ લેખાય, તેવા શુદ્ધ હેતુથી જ પ્રેરાઇ શાસ્ત્રકાર આત્માર્થી ભવ્યાત્માઓને ચેતવે છે.

**નવકાર મહામંત્ર**—જિનશાસનનો સાર અને ચૌદ પૂર્વનો સમુદ્ધાર જેવો નવકાર મહામંત્ર જેના મનમાં રમે છે તેને સંસાર-કલેશ શું કરવાનો છે ?

**શીલ સાક્ષાત્ કલ્પવૃક્ષ છે**—શિવ ( સદાચાર ) પુરૂષોના કુળની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્નતિ કરનારૂં પરમ ભૂષણરૂપ, અક્ષય એવું નિર્દોષ ધન, સુગતિ અપાવનાર દુર્ગતિનો નાશ કરનાર એવું સુવિશાલ શીલ પવિત્ર યશને આપનાર યાવત્ મોક્ષહેતુ અનંતસુખને દેનાર સાક્ષાત્ કલ્પવૃક્ષરૂપ છે.

**અભય**—આ લોકમાં પ્રાણીઓને સર્વ કંઇ દેહાદિક વસ્તુઓમાં કાળકૃત ભય રહેલ છે, કેવળ વૈરાગ્ય જ ભયરહિત છે; છતાં આત્માર્થીજનો જ તેનું સેવન કરે છે.

**સ્ત્રીઓના શીલ રક્ષણાર્થે**—લજ્જા, દયા, ઇન્દ્રિયદમન, ધૈર્ય, પુરૂષવર્ગ સાથે વાતચીત કરવાનો ત્યાગ અને એકાકીપણે જવા–આવવા કે રાત્રિવાસાદિ રહેવાનો વિશેષે ત્યાગ કરવાથી શીલનું રક્ષણ કરાય છે.

**અનર્થ માટે**—યૌવન, ધન, સંપત્તિ, અધિકાર અને વિવેકવિકળતા એમાંના એકેકા અનર્થકારી નીવડે છે તો ચારે સાથેનું કહેવું જ શું?

**શીલભંગથી**—જગતમાં અપજશનો ઢોલ વાગે છે, ગોત્ર ઉપર મશીનો કૂચો દેવાય છે, ચારિત્રનો લોપ કરાય છે, અનેક ગુણોનો નાશ કરાય છે, સકળ આપદા આવી મળે છે, ત્રૈલોકયમાં શિરોમણિ એવું શીલવ્રતનું ખંડન કરનાર જનો સંસારચક્રમાં જન્મ–મરણનાં અનંતા દુઃખ પામ્યા કરે છે. તેમનો મોક્ષ–છૂટકારો કયાંય થઇ શકતો નથી. શાસ્ત્રમાં પરસ્ત્રીગમન અને વેશ્યાગમનનું મહાપાપ વર્ણવ્યું છે. અહીં પ્રત્યક્ષપણે પણ એથી અનેક કષ્ટ–સંકટ સહન કરવાં પડે છે તેથી તેવો મહાઅનર્થકારી છંદ સહુએ અવશ્ય તજવો. જુઓ એવા ખોટા છંદથી રાવણ જેવા રાજવીના કેવા માઠા હાલ થયા? અને પવિત્રશીલ વ્રતના અખંડ પાલનથી સીતાદિક મહાસતીએ તથા મહાસત્ત્વશાળી સતાઓ કેટલી બધી આત્મોન્નતિ પામ્યા? જો કે તેમને કસોટી પ્રસંગે ભારે પરાક્રમ–પુરૂષાતન દાખવવું પડયું પરંતુ સુવર્ણની પેઠે વિશુદ્ધ રહેવાથી આજ સુધી તેમનો જસ–પડહ વાગે છે. આપણે પણ એમનું અનુકરણ કરી પવિત્રશીલનું પાલન–રક્ષણ કરવું ઘટે. જયાં સુધી જીવને ખરૂં આત્મ લક્ષ જાગ્યું નથી, આત્મ ભાન થયું નથી, જડ–ચેતનને બરાબર નિરાળાં તેમનાં લક્ષણથી જાણ્યાં–પિછાણ્યાં નથી જેથી ક્ષણિક દેહાદિકની મમતાવશ મુંઝાઇ ખરી વસ્તુને ઓળખી આદરી શકતો નથી ત્યાંસુધી જ જીવ જયાંત્યાંથી પુદ્ગલિક સુખ મેળવવા દોરવાઇ જાય છે અને શીલ–સંતોષાદિ સદ્ગુણજનિત સત્ય સુખથી બેનસીબ રહે છે. એમ સમજી સુજ્ઞ–સુવિવેકી સજ્જનો શીલાદિક સદ્ગુણોનું સારી રીતે સેવન કરતા રહે છે; અને પરિણામે અખંડ સુખશાન્તિ મેળવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તત્ત્વવિચારણા**—જેને જાગતી નથી તેને શાસ્ત્રપઠનાદિ શું ફળ આપી શકે ? નેત્રહીન-અંધને આરસી શો ઉપકાર કરી શકે ?

**કષાય**—ક્રોધ પ્રીતિને નાશ કરે છે, માન-અહંકાર વિનયને નાશ કરે છે, માયા-કપટ મિત્રાઇનો નાશ કરવો અને લોભ સર્વનો નાશ કરે છે.

**કામાંધ**—ઘુવડ દિવસે દેખાતો નથી, કાગડો રાત્રે દેખાતો નથી. ત્યારે કામ-આસક્તિથી અંધ-મદોન્મત્ત બનેલો જીવ દિવસે કે રાત્રે કંઇ દેખતો નથી. હિતાહિતને સમજી શકતો નથી. વિવેકવિકળપણે વર્તે છે

**પાંચ વકાર**—વૈર, વૈશ્વાનર (અગ્નિ), વ્યાધિ, વાદ અને વ્યસન એ પાંચે વકાર વધ્યા છતાં મહાઅનર્થ ઉપજાવે છે

**પુંશ્ચલી**—સ્વપતિને તજી નિર્લજ્જપણે જે પરપુરૂષગમન કરે એવી ચપળ ચિત્તવાળી પરસ્ત્રીમાં શો વિશ્વાસ રખાય ? વળી જીવનું જોખમ જેમાં રહેલું છે અને પરમ વૈર ઉપજાવે એવું ઉભયલોક વિરૂદ્ધ પરસ્ત્રી-ગમનનું અકાર્ય જરૂર તજવું જોઇએ.

**થોડું પણ**—જળમાં નાંખેલ તેલ, દુર્જનમાં ગયેલ ગુહ્ય વાત, પાત્રમાં અપાયેલ દાન, અને સુબુદ્ધિને શિખાવેલ શાસ્ત્રવસ્તુ શક્તિથી સહેજે વિસ્તાર પામે છે. તે દરેકમાં પડેલું થોડું પણ બહુ થઇ પડે છે.

**સદાય અશુદ્ધ**—કૂડી સાક્ષી ભરનાર, મૃષા-જૂઠ ભાષણ કરનાર, કરેલા ગુણને લોપનાર, અતિ ઘણો રોષ રાખનાર, મદિરાપાન કરનાર અને શિકાર ખેલનાર કદાપિ જળથી શુદ્ધ થઇ શકતા નથી. સેંકડો વાર જળથી ધોયેલા દારૂના ભાજનની જેમ અંતર્ગત દુષ્ટ ચિત્ત સેંકડો ગમે તીર્થ જળના સ્નાનવડે પણ શુદ્ધ થઇ શકાતું નથી. દુષ્ટ મનની મલીનતા દૂર થઇ શક્તી નથી.

**ધર્મસમય**—આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલ પ્રાણીઓ ચિત્તની શુદ્ધિ કરે એવો શુદ્ધ-અકષાય ધર્મ સેવી શકતો નથી. નિર્ધન હોય તે ધનની ચિન્તાવડે, ધનવાન હોય તે ધનની રક્ષા કરવા આકુળ રહે છે, સ્ત્રી વગરનો સ્ત્રી મેળવવા ચિન્તે છે અને સ્ત્રીવાળો પુત્રાદિકની ચિન્તાવડે દુઃખી હોય છે. ધનાદિક સઘળું હોય છતાં કાયમ રોગોવડે પીડાતો હોય એ રીતે કોઇ ને કોઇ જીવ કોઇને કોઇ રીતે પ્રાયે સદાય-ખરેખર દુઃખ વેઠ્યા કરતો હોય છે.

**સર્વ ઇષ્ટ**—સર્વ ધર્મને વિષે દયા જ, સર્વગુણોમાં દાન-ત્યાગ ગુણ, અને સર્વ પ્રિય વસ્તુમાં પ્રાયે પ્રસિદ્ધ અન્ન, ઉપગારી વસ્તુઓમાં મેઘ અને પૂજનિક સ્થાનોમાં માતા અત્યંત ઇષ્ટ લેખાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાજગુણ**—દુષ્ટને દંડ, સ્વજન–સજ્જનની સેવા, ન્યાયને માર્ગે સદાય લક્ષ્મી–ભંડારની વૃદ્ધિ, અદલઇનસાફ અને સ્વદેશરક્ષા એ પાંચ મુખ્ય કર્તવ્ય-ધર્મ પાળવાના રાજાઓને રહ્યા છે.

**એકલ્લો**—લખો સાથે જાગે છે. લડવા હામ ભીડે છે, **જ્યાં સાહસ ત્યાં સિદ્ધિ.**

**ધન્ય**—ગિરિગુફામાં વસતા અને પરમ જ્યોતિને ધ્યાવતા ઉત્તમ મુનિજનોનાં આનંદ–અશ્રુઓને પક્ષિગણો નિઃશંકપણે પાન કરે છે.

**તુલ્ય ફળ**—જાતે કરનાર, અન્યની પાસે કરાવનાર, અંતરભાવથી અનુમોદન કરનાર તેમજ સહાય કરનારને શુભાશુભ કાર્યમાં તુલ્ય ફળ મળે છે એમ પરમાર્થ સમજનારા વદે છે.

**વિષયતૃષ્ણા**—હરિહર, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિકેય પ્રમુખ જે દેવરૂપ લેખાય છે તેઓ નારીઓનું દાસપણું કરે છે. એવી (દુર્જય) વિષયતૃષ્ણાને ધિક્કાર પડો ! ધિક્કાર પડો ! !

**દેવોની ઓળખ**—જેમનાં નેત્ર મીંચાય નહીં, મનથી કાર્ય સાધી શકે, પુષ્પમાળા કરમાયા વગરની ધારે અને ભૂમિ પર ચાર આંગળ અધર રહે (પૃથ્વીને છબે નહીં) દેવો એવા હોય એમ સર્વજ્ઞ કહે છે.

**ક્ષમા**—સહનશીલતારૂપી ખડ્ગ જેની પાસે છે તેને દુર્જન શું કરી શકશે? તૃણ–ઘાસ વગરની કોરી ભોંય પર પડેલો અગ્નિ સ્વયં શમી જાય છે.

**સ્તુતિ યોગ્ય**—સર્વ તીર્થંકર દેવોની ગુણ સ્તુતિ શુદ્ધ પ્રેમ ઉલ્લાસથી કરવી ઘટે તેમજ સર્વે સિદ્ધ પરમાત્માઓની, ભાવ આચાર્યોની, ઉપાધ્યાયોની તથા સર્વ મનુષ્યલોકમાં વિદ્યમાન સકળ સાધુ–મુનિજનોની પણ શુદ્ધ પ્રેમ ઉલ્લાસથી આત્મશુદ્ધિ–નિર્મળતા માટે કરવી જોઇએ.

**જીવવા મુશ્કેલ છતાં જરૂરનાં**—પાંચે ઇન્દ્રિયોમાં રસના ઇન્દ્રિય, આઠે કર્મમાં મોહની કર્મ, સર્વે વ્રતોમાં બ્રહ્મચર્ય, અને મન–વચન–કાય ગુપ્તિઓમાં મનોગુપ્તિ આ ચારે મુશ્કેલીથી જીતાય છતાં બહુ જરૂરનાં છે.

**રાગનું દુર્જયપણું**—વનમાં વનવાસીઓને પણ રાગ–મોહવશ દોષો લાગે છે, તે વગર ઘરમાં પણ પાંચે ઇન્દ્રિયોના નિગ્રહરૂપ તપનો લાભ લઇ શકાય છે. જેના રાગાદિક દોષો શમ્યા છે, તેને વન ઘરરૂપે અને ઘર વનરૂપે લાભ આપે છે. ઇતિશમ.

સ. ક. વિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્સંગના લાભો

લોઢું એ જગતમાં હલકી ધાતુ ગણાય છે અને કોઇને તેના પર રતિ ઉપજતી નથી, પરંતુ તેને જ્યારે સ્પર્શમણિનો યોગ થાય છે, ત્યારે તે જ લોઢાનું રૂપાંતર થઈ જાય છે. અર્થાત્ આંખ અને હૃદયને આકર્ષનાર તે પીત્તવર્ણી સુવર્ણ બની જાય છે. તે જ રીતે એક વખતનો દુર્ભાગ્યભાજન મનુષ્ય પણ સત્પુરૂષના શુભ હાથે ચઢતાં સૌભાગ્યશાળી બની જાય છે અને જગતમાં તે વંદ્ય બને છે.

ગંગામાં ગયેલું મેલું જળ પણ ગંગાનાં પવિત્ર ઉદક તરીકે ગણાય છે, તેવી જ રીતે સત્સંગતિથી મનુષ્ય ઉચ્ચતાને પામે છે.

ચંદનવનમાં રહેલ નિંબવૃક્ષમાં પણ તેની સુગંધની અસર આવે છે. વળી સમગ્ર વન ચંદનવનના નામે ઓળખાય છે. તેમાં પોતાનો સમાવેશ પણ ચંદનમાં થઈ જાય છે. એ જ રીતે સત્સંગતિથી મનુષ્યમાં અનેક ગુણોની સુગંધ આવે છે, અને દોષરૂપ કટુતા દૂર થતી જાય છે. એ પ્રતાપ સત્સોબતનો જ છે.

સુવર્ણની મુદ્રિકામાં જડેલ ખોટો ઈમીટેશન પણ સ્વર્ણના યોગે કરીને હીરાના જેવો દેદીપ્યમાન લાગે છે. તેમ ખળ પુરૂષ પણ સત્પુરૂષની સાથે વસવાથી ઉત્તમતાને પામે છે.

સત્સંગતિનો મહિમા અવર્ણનીય છે. તેનાથી ઉપજતા લાભોનો હિસાબ પણ નીકળી શકે તેમ નથી, પરંતુ મુખ્ય બાબત એ છે કે ફણીધર સમ આ પંચમ કાળમાં સાચા આત્માર્થી સંતને શોધવા એ જ પૂર્ણ મુશ્કેલ કામ છે. જે ખરેખર જ મહાન છે તે કદી પોતાની મોટાઈનો ઢોલ પીટતા નથી. તેમને મન તો સ્હેજે પ્રાપ્ત થતી મોટાઈ પણ લોહશૃંખલા જેવી હોય છે, ત્યાં પછી ભાડે લાવેલ ઘરેણા જેવા કૃત્રિમ આડંબરની કે ખોટી મહત્તાની તેવાઓની પાસે વાત જ શી હોય ? એવા પુરૂષો જો મળી જાય તો ભવની ભાવઠ જ ભાંગી જાય. બાકી દેખાડવાના અને ચાવવાના જુદાવાળા તો સ્થળે સ્થળે હોય છે. જો એવાઓના દૃષ્ટિરાગમાં ફસાણા તો મૂળ ધ્યેયની વિપરીત દિશામાં પ્રયાણ કરવા જેવું બનશે. સત્પુરૂષના આશ્રયથી આ તપ્ત જગત પર શાન્તિનું વાદળ વરસો એ જ નિત્યની કામના છે. અસ્તુ ! ૐ શાન્તિઃ

**રાજપાળ મગનલાલ વ્હોરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**શ્રી મેઘવિજયજીગણિકૃત ભવિષ્યદત્ત ચરિત્ર**--( સંસ્કૃત ) શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પંન્યાસ શ્રી મેરૂવિજયજીના ઉપદેશથી મંડારના ઉપાશ્રય જ્ઞાનદ્રવ્ય સહાયથી આ ગ્રંથ પ્રકટ થયેલો છે. શ્રુતપંચમી માહાત્મ્ય ઉપર આ કથા રચવામાં આવી છે; જેમાં એકત્રીસ અધિકારમાં ગ્રંથ સંપૂર્ણ કરવામાં આવ્યો છે. આ સંસ્કૃત પદ્યમય ગ્રંથ રસિક અને સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે સરળ છે. કથા પણ રસિક છે. છાપકામ, કાગળ વગેરે સુંદર છે. પ્રકાશક–મફતલાલ ઝવેરચંદ પંડિત; નાગજી ભૂદરની પોળ–અમદાવાદ.

---

**અભ્યાસ અને હૃદયમંથન**—લેખક વીરજી પ્રેમજી પારવીયા, ઘોડાદોડ રોડ વડોદરા–હૃદયમંથન, સ્થૂળ સૂક્ષ્મ દેહ વિષે સ્પષ્ટીકરણ, અભ્યાસ પાઠ ૧ થી ૯, આત્મનિરીક્ષણ, હજરત મહમદ સાહેબના ભીખ માટે વિચારો, ભજન વગેરે હકીકત ગીતા, કુરાન, કબીર મહાત્મા વગેરેની સાદતો આપી આ ગ્રંથમાં જે વસ્તુસંકલના કરી છે તે વાંચકને ખાસ ઉપયોગી છે. આ લઘુ ગ્રંથમાંથી કેટલુંક ખાસ જાણવાનું મળે છે. લેખકે પ્રયાસ સારો કર્યો છે.— કિંમત આઠ આના.

---

**આચાર્ય શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી પ્રાચીન હસ્તલિખિત જૈન પુસ્તકોદ્ધાર ફંડ સુરત** નો સં. ૧૯૯૧ ના આસો વદિ ૩૦ સુધીનો ૧૧ વર્ષનો રિપોર્ટ આવકજાવકના હિસાબ સાથે. અગિયાર વર્ષમાં ૪૪૯ પુસ્તકો લખાવામાં આવ્યાં જેનું લીસ્ટ પણ આ રિપોર્ટમાં આપવામાં આવ્યું છે જેથી ઉદ્દેશ પાર પડેલ છે. જૈન સમાજને ટકાવી રાખવા માટે આ કાળમાં આગમ એ મુખ્ય વસ્તુ છે જેથી નવા ભંડારો કરવા, જીર્ણ થયેલ પુસ્તકોને ફરી લખાવી ઉદ્ધાર કરવો તે જૈન સમાજનું મુખ્ય કર્તવ્ય છે. સુરત શહેરમાં આ કાર્ય તેની વ્યવસ્થાપક કમીટી યોગ્ય રીતે કરે છે, તેમ આ રીપોર્ટ ઉપરથી જણાય છે. અમે તેનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીયુત કમળશીભાઇ ગુલાબચંદનો સ્વર્ગવાસ

રાંધનપુરનિવાસી અગ્રગણ્ય જૈન બંધુ શ્રી કમળશીભાઈ શુમારે પાંસઠ વર્ષની વયે થોડા વખતની બિમારી ભોગવી પંચત્વ પામ્યા છે. જન્મથી જ ઉચ્ચ ધાર્મિક સંસ્કારમાં ઉછરેલા હોવાથી જીવનપર્યંત દેવ–ગુરૂ–ધર્મના અનન્ય ઉપાસક હતા. સામાયિક, પ્રતિક્રમણ, દેવપૂજા વગેરે આવશ્યક કર્તવ્ય નિરંતર કરનારા હતા. પાછળથી આર્થિક સ્થિતિમાં પછાત પડ્યા છતાં પણ ધાર્મિક શ્રદ્ધા અને સંસ્કાર અવિચ્છિન્ન રહ્યા હતા. આ સભા ઉપર સંપૂર્ણ પ્રેમ ધરાવતા હોઈ આ સભાને એક શ્રાવકનરરત્ન સભાસદની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( મૂળ દશે પર્વો ) પ્રત તથા બુકાકારે.

૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )

પ્રાકૃત વ્યાકરણ ઢુણ્ઢિકાવૃતિ.

**શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર** ( પ્રથમપર્વ ) તૈયાર થઇ ગયું છે. ( બુકાકારે તથા પ્રતાકારે ) બાઇંડીંગ થાય છે. કિંમત રૂા. ૧–૮–૦ ( પોસ્ટેજ જુદું ) ( બીજું પર્વ તૈયાર થાય છે. )

---

## જાહેર વિનંતિ

**શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર પ્રથમ પર્વનું** બાઇંડીંગ થાય છે, તેના ઘણા ગ્રાહકોના નામ નોંધાઈ ગયા છે. ધારવા પ્રમાણે એક સામટી નકલો ખરીદનાર ભાઈ અમારી સાથે પત્રવ્યવહાર ચલાવે છે, જેથી તે અગાઉ તેની જરૂરીયાતવાળા મહાશયો જલદીથી અમોને ગ્રાહક તરીકે નામ નોંધાવવા જણાવે તો બાકી જે રહે તે કોપીયો જ માત્ર તેમને આપી શકાય, કારણ કે આ અભ્યાસનો કથાનુયોગનો ગ્રંથ હોવાથી તેમજ તેના કાગળ, ટાઇપ, બાઇંડીંગ અને શુદ્ધ સર્વે ઉત્તમ પ્રકારનું હોવાથી તેમજ તેની કિંમત પણ મુદ્દલથી ઓછી લેવાની હોવાથી ફરીફરીને છપાવવાની તક સાંપડતી નથી કારણ કે શોધવાનું છપાવવા તદ્દન શુદ્ધ કરવાનું કાર્ય ભારે મહેનતવાળું છે. તેના ગ્રાહક થવા ઇચ્છનારે કૃપા કરી શ્રી આત્મારામજી જૈન શતાબ્દિ સિરિઝ કિંમત રૂા. ૧–૮–૦

**ઠે૦ શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગરને લખવું**

---

**જલદી મંગાવો.** **નવી આવૃત્તિ.** **થોડી કોપી સીલીકે.**

શ્રી " **જૈન તત્ત્વાદર્શ** " પૂજ્યપાદ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની કૃતિનો અપૂર્વ તત્ત્વજ્ઞાનથી ભરપૂર સાતશેં પાનાનો ગ્રંથ ( બે ભાગમાં ) માત્ર બાર આનાની કિંમતથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

# પ્રકાશન ખાતું.

## પ્રાચીન સાહિત્યના છપાયેલા ગ્રંથો. ( મૂળ. )

| | |
|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-પ્રથમ અંશ. | રૂા. ૩-૮-૦ |
| ૨ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ-દ્વિતીય અંશ. | રૂા. ૩-૮-૦ |
| ૩ શ્રી બૃહતકલ્પસૂત્ર પ્રથમ ભાગ. | રૂા. ૪-૦-૦ |
| ૪ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ. | રૂા. ૬-૦-૦ |
| ૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ( શુદ્ધ ) | રૂા. ૨-૦-૦ |

## છપાતાં ગ્રંથો.

૭ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ. ૮ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૧૦ શ્રી ગુણચંદ્રસૂરિકૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર ૯ શ્રી બૃહતકલ્પ ત્રીજો ભાગ

## ગુજરાતી ગ્રંથો.

| | |
|---|---|
| ૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. | રૂા. ૦-૨-૬ |
| ૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, | રૂા. ૦-૧૦-૦ |
| ૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ) | રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦. |
| ૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. | રૂા. ૦ ૨-૦ |
| ૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. | રૂા ૦-૪-૦ |

## અર્ધી કિંમતે.

શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિના શુભ પ્રસંગે સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદી ૧ થી બાર માસ માટે શ્રી આત્મારામજી મહારાજકૃત નીચેના પુસ્તકો અર્ધી કિંમતે આપવામાં આવશે ( સીલીકમાં હશે ત્યાં સુધી ).

| | મૂળ કિંમત. | અર્ધી કિંમત. |
|---|---|---|
| તત્ત્વનિર્ણયપ્રાસાદ. | ૧૦-૦-૦ | ૫-૦-૦ |
| જૈનધર્મવિષયક પ્રશ્નોત્તર. | ૦-૮-૦ | ૦-૪-૦ |
| આત્મવલ્લભ સ્તવનાવળી. | ૦-૬-૦ | ૦-૩-૦ |

લખોઃ—

**જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only